




# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ આઠમ ગુરુવાર ૨૬ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૯ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


- જ્યાં સુધી માગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી અમેરિકા પર 'ભારે પ્રહાર' ચાલુ રહેશેઃ ઇરાનની ચેતવણી
- અમેરિકાએ 15 મુદ્દાનો શાંતિ પ્રસ્તાવને નકારી ઇરાને કહી દીધું, યુદ્ધ ક્યારે સમાપ્ત કરવું તે નિર્ણય અમે જ લઇશું
- ઈરાનની સ્પષ્ટ વાત, જ્યાં સુધી અમારી શરતો માનવામાં નહીં આવે, ત્યાં સુધી કોઈ પણ જાતની વાટાઘાટો શક્ય નથી

# અમેરિકાનો શાંતિ પ્રસ્તાવ ફગાવી ઈરાને 5 શરતો મૂકી

**દુબઈ, તા. 25 (AP):** પશ્ચિમ એશિયાના યુદ્ધને રોકવા માટે અમેરિકા દ્વારા મોકલવામાં આવેલા 15 મુદ્દાના પ્રસ્તાવને ઈરાને સત્તાવાર રીતે ફગાવી દીધો છે. ઈરાની સત્તાવાળાઓએ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનની શરતોને 'અતિશય' ગણાવતા સ્પષ્ટ કર્યું છે કે, આ યુદ્ધ ક્યારે સમાપ્ત કરવું તેનો નિર્ણય માત્ર ઈરાન જ લેશે અને તે અમેરિકાના ઈશારે ઝૂકશે નહીં. ઈરાને પાછલા અનુભવોને ટાંકીને જણાવ્યું હતું કે, અમેરિકાએ ભૂતકાળમાં વાટાઘાટો દરમિયાન બે વાર દગો આપ્યો છે, તેથી આ વખતે ઈરાન પોતાની શરતો સંતોષાય નહીં ત્યાં સુધી પીછેહઠ કરશે નહીં. પાકિસ્તાન અને ઈજિપ્તના મધ્યસ્થીઓ દ્વારા ઈરાનને મોકલવામાં આવેલી 15 મુદ્દાની દરખાસ્તમાં પ્રતિબંધોમાં રાહત, ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર અંકુશ અને હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા જેવી મહત્વની શરતોનો સમાવેશ થાય છે. જોકે ઈરાને ચેતવણી આપી છે કે જ્યાં સુધી તેની માગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી તે અમેરિકા પર 'ભારે પ્રહાર' કરવાનું ચાલુ રાખશે. પાકિસ્તાન અને ઈજિપ્તના મધ્યસ્થીઓ દ્વારા પહોંચાડવામાં આવેલા અમેરિકી પ્રસ્તાવમાં પરમાણુ કાર્યક્રમ નાબૂદ કરવા અને હોર્મુઝની સામુદ્રધુની ખોલવાની વાત હતી, પરંતુ ઈરાને તેને સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર ઈરાનના કબજાને કારણે વિશ્વબજારમાં તેલના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. બીજી બાજુ ઈરાને ઈઝરાયેલ તથા ખાડી દેશો પર હુમલા તેજ કર્યા છે.



## યુદ્ધવિરામ માટે ઈરાનની 5 મુખ્ય શરતો

૧. હુમલાઓનો અંતઃ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવતા સૈન્ય હુમલાઓ અને લક્ષિત હત્યાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ.
૨. સુરક્ષાની ખાતરીઃ ભવિષ્યમાં ઈરાન વિરુદ્ધ કોઈ પણ સૈન્ય કાર્યવાહી ન થાય તે માટે મજબૂત અને લેખિત ગેરંટી.
૩. યુદ્ધનું વળતરઃ યુદ્ધને કારણે થયેલા જાન-માલના નુકસાન માટે સ્પષ્ટ જવાબદારી નક્કી કરવી અને તેનું ચોક્કસ વળતર આપવું.
૪. તમામ મોરચે શાંતિઃ માત્ર ઈરાન જ નહીં, પરંતુ પ્રદેશમાં સક્રિય તમામ 'પ્રતિકારક જૂથો' સામેનું યુદ્ધ પણ સમાપ્ત કરવું.
૫. હોર્મુઝ પર સાર્વભૌમત્વઃ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનના કાનૂની અને સાર્વભૌમ અધિકારને સત્તાવાર રીતે સ્વીકારવામાં આવે.

## શાંતિ પ્રસ્તાવની સાથે અમેરિકાએ મધ્ય પૂર્વમાં પોતાના વધારાના સૈન્યની તૈનાતી શરૂ કરી

**દુબઈ, તા. 25 (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધને વિરામ આપવા માટે 15 મુદ્દાનો એક વ્યાપક શાંતિ પ્રસ્તાવ રજૂ કરીને એક તરફ શાંતિની વાતો થઈ રહી છે, તો બીજી બાજુ અમેરિકા મધ્ય પૂર્વમાં પહેલેથી હાજર 50,000 સૈનિકોની મદદ માટે વધારાના 1000 સૈનિકો અને 5000 મરીન જવાનો તૈનાત કરી રહ્યું છે. પેન્ટાગોન આ જમાવટ દ્વારા ટ્રમ્પને ભવિષ્યની વ્યૂહરચના માટે વધુ લવચીકતા આપવા માગે છે. ઈઝરાયેલ, જે અત્યાર સુધી ઈરાન સામે આક્રમક વલણની હિમાયત કરી રહ્યું હતું, તે અમેરિકાના આ અચાનક શાંતિ પ્રસ્તાવથી આશ્ચર્યચકિત છે. ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે જણાવ્યું હતું કે, જેરેડ કુશનર અને જે.ડી. વેન્સ જેવા ઉચ્ચ અધિકારીઓ આ વાટાઘાટોમાં સામેલ છે અને સામો પક્ષ પણ સમજૂતી માટે ઉત્સુક છે. જોકે, ઈરાનના સંસદ સ્પીકરે સીધી વાતચીતનો ઈન્કાર કર્યો છે અને ઈરાની સેનાએ સંપૂર્ણ વિજય સુધી લડત ચાલુ રાખવાની જાહેરાત કરી છે. દરમિયાન, ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા ચાલુ રાખ્યા છે, જ્યારે ઈઝરાયેલે બેરૂત અને ઈરાનના ઉત્પાદન સ્થળો પર ભારે બોમ્બમારો કર્યો છે. આ યુદ્ધમાં સામાન્ય નાગરિકો પણ ભોગ બની રહ્યા છે અને લેબેનોને ઈરાની રાજદૂતને દેશ છોડવાનો આદેશ આપ્યો છે.

### ઈંધણની કિંમતોમાં વધારો અને આર્થિક અસર

વાટાઘાટોના સમાચાર આવતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ, જે યુદ્ધ દરમિયાન પ્રતિ બેરલ 120 ડોલરની નજીક પહોંચી ગયું હતું, તે બુધવારે ઘટીને 100 ડોલરની નીચે ટ્રેડ થઈ રહ્યું હતું.

### અમેરિકાના શાંતિ પ્રસ્તાવની ઈરાનના સૈન્યએ મજાક ઉડાવી

**દુબઈ :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પાકિસ્તાન મારફતે મોકલવામાં આવેલા 15 મુદ્દાના શાંતિ પ્રસ્તાવના અહેવાલોની ઈરાની સૈન્યએ મજાક ઉડાવી છે અને અત્યંત આક્રમક અને કડક પ્રતિક્રિયા આપી છે. ઈરાની સૈન્યના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ ઈબ્રાહિમ ઝોલ્ફાઘારીએ રાજ્યના ટેલિવિઝન પર એક નિવેદન જારી કરીને અમેરિકાના યુદ્ધવિરામના પ્રયાસોની મજાક ઉડાવી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે બંને દેશો વચ્ચે કોઈ પણ પ્રકારની વાતચીત ચાલી રહી નથી. ઝોલ્ફાઘારીએ અમેરિકા પર કટાક્ષ કરતા કહ્યું કે, 'શું તમારા આંતરિક ઝઘડા એટલી હદે વધી ગયા છે કે ...અનુસંધાન પાના 11 પર

### ઇઝરાયેલે ઈરાન પર હવાઈ હુમલા ચાલુ રાખ્યા

બુધવારે વહેલી સવારે ઇઝરાયેલની સેનાએ ઈરાનના સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા પાયે હુમલાની જાહેરાત કરી હતી, જેમાં કાઝવિન શહેરમાં હવાઈ હુમલા થયા હોવાના અહેવાલ છે. સાઉદી અરેબિયાએ ...અનુસંધાન પાના 11 પર

## સિક્કિમમાં અનેક સ્થળોએ ભૂસ્ખલન: 200 પ્રવાસીઓ અટવાયા



**બોર્ડર** રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા રસ્તાઓ સાફ કરવાની કામગીરી ચાલી રહી છે

**રસ્તાઓ** સંપૂર્ણ સુરક્ષિત જાહેર થયા બાદ જ પ્રવાસની મંજૂરી આપવામાં આવશે

**ગંગટોક, તા. 25 (PTI):** ઉત્તર સિક્કિમના ચુંગથાંગ વિસ્તારમાં ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ ભૂસ્ખલન થતાં રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેના પરિણામે આશરે 200 જેટલા પ્રવાસીઓ અટવાયા હોવાના અહેવાલ બુધવારે સવારે પ્રાપ્ત થયા છે. મંગન જિલ્લા કલેક્ટર અનંત જૈને જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે ચુંગથાંગ-લાચેન રૂટ પર ભૂસ્ખલન થયું હતું, જેના કારણે લાચેન તરફ જઈ રહેલા પ્રવાસીઓ અધવચ્ચે જ ફસાઈ ગયા હતા. અટવાયેલા પ્રવાસીઓને રાતવાસો કરવા માટે ચુંગથાંગમાં આવેલા આઈટીબીપી ...અનુસંધાન પાના 11 પર




### આદિવાસી કાર્ડ અને રાજકીય દાવપેચ

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી ભાજપના કેન્દ્રીય નેતૃત્વને ખુશ કરવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હોય તેવું લાગે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન પ્રોટોકોલમાં થયેલી કથિત ખામીઓ બાદ માઝીએ તરત જ ટ્વિટ કરીને આ ઘટનાની નિંદા કરી હતી. તેમણે લખ્યું કે આ ઘટનાએ ઓડિશાના લોકો અને સમગ્ર ભારતના આદિવાસી સમુદાયને ઊંડો આઘાત પહોંચાડ્યો છે. મુર્મુની જેમ પોતાની જાતને સંથાલ આદિવાસી સમુદાયના સભ્ય તરીકે ઓળખાવતા માઝીએ કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ સરકારના આ અપમાનજનક કૃત્યથી તેમનામાં અને સમગ્ર ઓડિયા જનતામાં પીડા અને આઘાતની લાગણી જન્મી છે. આ ઘટનાના ચાર દિવસ પછી માઝીએ તેમના પશ્ચિમ બંગાળના સમકક્ષ મમતા બેનર્જીને પત્ર લખીને આ ઘટનાની નિંદા કરી અને રાષ્ટ્રપતિ તથા દેશના લોકોની માફી માંગવાની માંગ કરી. આ પત્ર તાત્કાલિક મીડિયામાં પણ જાહેર કરવામાં આવ્યો હતો. રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સેવાઈ રહ્યું છે કે જ્યારે માઝીએ પહેલેથી જ ટ્વિટ કર્યું હતું, તો પછી ચાર દિવસ પછી પત્ર ...અનુસંધાન પાના 11 પર

## સરકાર ઇમિગ્રેશન અને વિઝા સિસ્ટમને આધુનિક બનાવશે

**ભારતની** ઇમિગ્રેશન સિસ્ટમને વિશ્વસ્તરીય અને સુરક્ષિત બનાવવાની યોજના

**ઇમિગ્રેશન**, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ' યોજનાના વિસ્તરણ માટે 1800 કરોડની ફાળવણી

**નવી દિલ્હી, તા. 25 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકે બુધવારે 'ઈમિગ્રેશન, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ' (આઈવીએફઆરટી) યોજનાને આગામી પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે.

1 એપ્રિલ, 2026 થી 31 માર્ચ, 2031 સુધીના આ વિસ્તરણ માટે સરકારે 1800 કરોડ ફાળવ્યા છે. આ યોજના માત્ર ટેકનિકલ અપગ્રેડ નથી, પરંતુ ભારતની ઈમિગ્રેશન સિસ્ટમને વિશ્વસ્તરીય અને સુરક્ષિત બનાવવાની વ્યૂહાત્મક પહેલ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આ નિર્ણયથી વિઝા મેળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે અને ભારત આવતા મહેમાનો માટે પ્રવાસ તથા વ્યવસાયમાં સુગમતા વધશે, સાથે જ દેશની સુરક્ષા પણ વધુ મજબૂત થશે. વર્ષ 2010માં શરૂ ...અનુસંધાન પાના 11 પર

## આપણે પાકિસ્તાનની જેમ 'દલાલ' દેશ નથી : સર્વપક્ષીય બેઠકમાં સરકાર

**પાકિસ્તાન** જેવો નાનો દેશ મધ્યસ્થી કરી રહ્યો છે જ્યારે ભારત માત્ર જોઈ રહ્યું છે : વિરોધ પક્ષ

**વડાપ્રધાન** મોદીએ ટ્રમ્પને આ યુદ્ધ વહેલી તકે સમાપ્ત કરવા કહ્યું જ છે : સરકાર

**નવી દિલ્હી, તા. 25 (PTI):** બુધવારે પશ્ચિમ એશિયાના યુદ્ધ પર ચર્ચા કરવા માટે સંસદ સંકુલમાં આયોજિત સર્વપક્ષીય બેઠક ગરમાગરમ રહી હતી. ભારત સરકારે આ સંઘર્ષમાં પાકિસ્તાનની મધ્યસ્થીના અહેવાલો પર આકરા પ્રહાર કરતા તેને 'દલાલ' દેશ ગણાવ્યો છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે વિપક્ષને જવાબ આપતા કહ્યું કે, પાકિસ્તાનના મધ્યસ્થીના પ્રયાસોમાં કંઈ નવું નથી, 1981થી અમેરિકા તેનો ઉપયોગ કરતું આવ્યું છે, પરંતુ ભારત કોઈ 'દલાલ' દેશ નથી.

સરકારે સ્પષ્ટ કર્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમુખ ટ્રમ્પને આ યુદ્ધ વહેલી તકે સમાપ્ત કરવા કહી દીધું છે કારણ કે તે દરેકને નુકસાન પહોંચાડી રહ્યું છે. વિપક્ષે જ્યારે સરકાર પર 'મૌન પ્રેક્ષક' હોવાનો અને ઈરાની નેતાના અવસાન પર મોડું શોક વ્યક્ત કરવાનો આરોપ લગાવ્યો, ત્યારે સરકારે જણાવ્યું કે વિદેશ સચિવે તાત્કાલિક ઈરાની એમ્બેસીની મુલાકાત લીધી હતી. ભારતની મુખ્ય ચિંતા ગલ્ફમાં રહેતા ભારતીયોની સુરક્ષા અને દેશની ઉર્જા જરૂરિયાતો છે.

સરકારે દાવો કર્યો કે ભારત પાસે તેલનો પૂરતો સ્ટોક છે અને હવે આપણે 41 દેશોમાંથી ક્રૂડ ઓઈલ મેળવી રહ્યા છીએ. હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા 18 જહાજોમાંથી 4 ભારત તરફી જહાજો સુરક્ષિત રીતે ત્યાંથી પસાર થઈ ચૂક્યા છે.

જોકે, કોંગ્રેસના તારિક અનવર સહિતના વિપક્ષી નેતાઓએ સરકારના જવાબોને 'અસંતોષકારક' ગણાવ્યા હતા અને લોકસભા તથા રાજ્યસભામાં આ મુદ્દે ખાસ ચર્ચાની માગ કરી હતી. વિપક્ષે આક્ષેપ ...અનુસંધાન પાના 11 પર

## કોંગ્રેસને દિલ્હીની બંને ઓફિસો ખાલી કરવા માટે અંતિમ નોટિસ

**અકબર** રોડ અને રાયસીના રોડ પર આવેલી ઓફિસો 28 માર્ચ સુધીમાં ખાલી કરવા જણાવી દેવાયું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પાર્ટીને લ્યુટિયન્સ દિલ્હીમાં આવેલી તેની 24, અકબર રોડ ઓફિસ અને 5, રાયસીના રોડ પરિસરને 28 માર્ચ સુધીમાં ખાલી કરવા માટે એસ્ટેટ વિભાગ તરફથી નોટિસ મળી છે.

પાર્ટીને તેની જૂની ઓફિસમાંથી હાંકી કાઢવામાં આવે તેવી છે, જે તેની પાસે 1978થી છે. કારણ કે, એસ્ટેટ વિભાગ દ્વારા મોકલવામાં આવેલી આ અંતિમ નોટિસ છે.

પાર્ટીનું મુખ્ય મથક હજી પણ અકબર રોડ ઓફિસમાં છે, જ્યારે ભારતીય યુવા કોંગ્રેસ રાયસીના રોડ પરિસરમાંથી કાર્યરત છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ નોટિસ થોડા દિવસો પહેલા જ આપવામાં આવી હતી અને તેમાં આ જૂની પાર્ટીને એક અઠવાડિયાનો સમય પણ આપવામાં આવ્યો નથી.

પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે હજી આ મુદ્દે પોતાની વ્યૂહરચના નક્કી કરવાની બાકી છે અને આ અચાનક મળેલી નોટિસને ધ્યાનમાં રાખીને કોર્ટમાં પણ જઈ શકે છે. કોંગ્રેસે અગાઉથી જ ઈન્દિરા ભવન ખાતે પોતાની નવી પાર્ટી ઓફિસ બનાવી લીધી છે.

**ઇંધણ કટોકટી વચ્ચે એલપીજીના જથ્થાને બચાવવા માટે કેન્દ્ર સરકારનો મહત્વપૂર્ણ આદેસ**

## જ્યાં PNG ઉપલબ્ધ હોય ત્યાં LPG કનેક્શન છોડવું પડશે

**ગ્રાહકે** નોટિસ મળ્યાના ત્રણ મહિનાની અંદર પીએનજી કનેક્શન લેવું પડશે નહીંતર એલપીજી પુરવઠો બંધ કરી દેવાશે

**નવી દિલ્હી, તા. 25:** કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા 24 માર્ચના રોજ એક મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો છે. આ નવા નિયમ મુજબ, જે વિસ્તારોમાં પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) ની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાંના ગ્રાહકોએ ફરજિયાતપણે પીએનજી પર સ્વિચ કરવું પડશે. જો ગ્રાહક નોટિસ મળ્યાના 3 મહિનાની અંદર પીએનજી કનેક્શન નહીં લે, તો તેમનો એલપીજી (સિલિન્ડર) પુરવઠો કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઉભી થયેલી ઈંધણની કટોકટી વચ્ચે સરકાર એલપીજીના જથ્થાને બચાવીને તેને એવા અંતરિયાળ વિસ્તારોમાં પહોંચાડવા માંગે છે જ્યાં હજુ પાઈપલાઈન પહોંચી નથી. આ નવા નિયમને 'આવશ્યક ચીજવસ્તુ ધારા' હેઠળ લાગુ કરવામાં આવ્યો છે જેથી પાઈપલાઈન નાખવાની કામગીરીમાં તેજી લાવી શકાય. નવા નિયમ મુજબ, હાઉસિંગ ...અનુસંધાન પાના 11 પર

### સોનિયા ગાંધીની તબિયત સ્થિર, હાલ તબીબી દેખરેખ હેઠળ

**નવી દિલ્હીઃ તા. 25.** કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી, જેઓ અહીંની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ છે, તેમની તબિયત સ્થિર છે અને તેઓ તબીબી દેખરેખ હેઠળ છે. એમ ડોક્ટરોએ બુધવારે જણાવ્યું હતું. હોસ્પિટલ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીને મંગળવારે રાત્રે લગભગ 10:22 વાગ્યે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના ચેરમેન ડો. અજય સ્વરૂપે જણાવ્યું હતું કે, તેમની સ્થિતિ સ્થિર છે અને ડોક્ટરોની એક ટીમ તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખી રહી છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે, પેટ અને પેશાબની નળીઓમાં સંભવિત ઈન્ફેક્શનની તપાસ કરવા માટે ...અનુસંધાન પાના 11 પર

## ઈરાને કરાચી જતું જહાજ હોર્મુઝમાંથી પાછું વાળી દીધું

**ઈરાની** નૌકાદળે કહ્યું કરાચી જઇ રહેલા જહાજ પાસે જરૂરી મંજૂરી ન હતી

**પાકિસ્તાનના** મધ્યસ્થી કરવાના પ્રસ્તાવથી ઈરાન જરા પણ પ્રભાવિત થયું ન હોવાના સંકેત

**નવી દિલ્હી, તા. 25:** પાકિસ્તાન જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે 'મધ્યસ્થી' બનીને વાટાઘાટો કરાવવાના બણગા ફૂંકી રહ્યું છે, ત્યારે ઈરાને આ પ્રયાસોને સદંતર અવગણ્યા હોય તેવું જણાય છે. હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) પર પોતાનું કડક વર્ચસ્વ સાબિત કરતા ઈરાને મંગળવારે રાત્રે કરાચી જઈ રહેલા માલવાહક જહાજ 'સેલેન'ને અધવચ્ચેથી જ પાછું વાળી દીધું હતું.

ઈરાની નૌકાદળના કમાન્ડર રીઅર એડમિરલ અલીરેઝા તંગસિરીએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટ ચેતવણી આપી કે, 'પરવાનગી વગર' કોઈ પણ જહાજ અહીંથી પસાર થઈ શકશે નહીં. સેન્ટ કિટ્સ એન્ડ નેવિસનો ધ્વજ ધરાવતું આ જહાજ કરાચી બંદર પર માલ-સામાન પહોંચાડવા જઈ રહ્યું હતું, પરંતુ તેને મંજૂરી ન મળતા અત્યારે યુએઈના શારજાહ એન્કરેજ પાસે લાંગરવામાં આવ્યું હોવાનું મનાય છે. રસપ્રદ વાત એ છે કે, આ ઘટના એવા સમયે બની છે જ્યારે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવાની અને ઈસ્લામાબાદમાં બેઠક યોજવાની તૈયારી દર્શાવી છે. પાકિસ્તાનની આ 'શાંતિ દૂત' બનવાની ઉતાવળથી ઈરાન જરાય પ્રભાવિત થયું હોય તેમ લાગતું નથી. ઉલટાનું, કરાચી જઈ રહેલા જહાજને અટકાવીને ઈરાને પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આ વ્યૂહાત્મક જળમાર્ગ પર માત્ર ...અનુસંધાન પાના 11 પર

**તા. ૨૫-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૭.૬° સે. | ૨૪.૪° સે. | ૨૮% |